# પ્રકાશ તત્ત્વ

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

દીપાવલીના ઉત્સવનો ઉલ્લેખ થતાં જ મનમાં તરત
સુંદર-સુંદર દીવાઓની હારમાળાઓ દેખાય છે
જે સુશોભિત કરે છે દરેક માર્ગને,
દરેક પરસાળને,
દરેક ઉંબરાને,
અને નિશ્ચિતપણે, શ્રદ્ધાળુ માટે
દરેક પૂજાવેદીને
નાના દીવાઓ,
મોટા દીવાઓ,
નાની જ્યોતિઓ,
નૃત્ય કરતી જ્યોતિઓ —
મહત્ત્વ કદનું નથી,
કારણકે આ બધાં *પ્રકાશનાં* દ્યોતક છે

મહત્ત્વ પ્રકાશ-તત્ત્વનું છે
પ્રકાશ દીપાવલીના પર્વનું કેન્દ્રબિંદુ છે

આ ક્ષેત્રના કેટલાક નિષ્ણાતોએ કહ્યું છે કે
લગભગ ૧૫ થી ૨૦ લાખ વર્ષ પહેલાં
માનવે એ સમજવાનું શરૂ કર્યું કે અગ્નિ શું છે —
અને આ વાતે તેની જીવન જીવવાની રીતને જ બદલી નાખી

હું વિચારું છું કે એ ક્ષણના સાક્ષી હોવું

કેવું રહ્યું હશે

જ્યારે માનવે પહેલીવાર અગ્નિનો પ્રકાશ જોયો હશે,

પહેલીવાર આની ઉષ્મા મહસૂસ કરી હશે

અને તેના મનમાં સંભાવનાનું એક ઝાંખું કિરણ ઉદ્ભવ્યું હશે

કે આ તત્ત્વ શું છે અને શું હોઈ શકે છે

આ ગ્રહ પર અગ્નિની ખોજ કરવી,

અગ્નિનો ઉપયોગ કરવા માટે

પોતાની અંતર્જાત બુદ્ધિનો પ્રયોગ કરવો

માનવ માટે નિ:સંદેહ એક ખાસ વાત હતી

તેણે માનવના વિચારવાની રીતને નવું રૂપ આપ્યું,

તેના જ્ઞાનક્ષેત્રને વિસ્તૃત કર્યું,

તેના રોજબરોજના જીવનમાં

કામ કરવાની તેની રીતને રૂપાંતરિત કરી દીધી

પ્રકાશને ધ્યાનમાં રાખીને જીવવું,

પ્રકાશની મનોવૃત્તિ સાથે જીવવું

મહત્ત્વ પ્રકાશ-તત્ત્વનું છે

પ્રકાશ દીપાવલીના પર્વનું કેન્દ્રબિંદુ છે

તેને અગ્નિ કહો, જ્યોતિ કહો, દીપ કહો,

તેને *ફુએગો, ફોયા, શમ્મા, ફિયેમ્મા* કહો,

તેને *આગોન, પુલ્મ્યે, હોયેન, હોનોઓ* કહો,

તેને *આતિશ* કહો, *ઓગેન* કહો, *ફ્લામ્મ* કહો —

ભલે તમે જે પણ શબ્દોનો પ્રયોગ કરીને

અગ્નિની વાત કરો, જ્યોતિ તરફ સંકેત કરો,

આ તેજનો સાર

બદલાતો નથી

જે રીતે ઇચ્છો તે રીતે, જ્યારે તમે

પ્રકાશને શોધવાની અને તેને પ્રગટ કરવાની

પસંદગી કરશો તો

તે તમારા ઉત્સવને ઉજ્જ્વળ કરી દેશે,

તે તમારી પૂજાવેદીને પ્રકાશિત કરી દેશે,

તે અંધકારને દૂર કરી દેશે,

તે તમારી પ્રાર્થનાઓને ફળીભૂત કરી દેશે

પ્રકાશ દીપાવલીના ઉત્સવનું

કેન્દ્રબિંદુ છે,

મધ્યસ્થાન છે,

મૂળભૂત સત્ય છે

એક સ્મિતનો પ્રકાશ

એક શબ્દનો પ્રકાશ

એક વિચારનો પ્રકાશ

તમારા શ્વાસનો પ્રકાશ

જરૂરિયાતમંદોને આપવામાં આવેલી ભેટનો પ્રકાશ

આરોગ્યદાયી પ્રકાશ

તેમના માટે જેઓ બીમાર અથવા પીડાગ્રસ્ત છે

બોધનો પ્રકાશ જે માનવજાતિનું ઉત્થાન કરે છે

એ પ્રકાશ જેમાંથી આપણે આવીએ છીએ

અને જેમાં આપણે વિલીન થઈ જઈએ છીએ

એ પ્રકાશ જે કણ-કણમાં

સ્પંદિત થાય છે

*ઑર એલોહિમ. ભગવાનનો પ્રકાશ.*

*નૂર ’ઇલાહી. ખુદાનો પ્રકાશ.*

મહત્ત્વ પ્રકાશ-તત્ત્વનું છે

પ્રકાશ દીપાવલીના પર્વનું કેન્દ્રબિંદુ છે

આ પ્રકાશની શક્તિ પર

હજારો કવિતાઓ લખવામાં આવી છે

અનેકાનેક વાર્તાઓ આ પ્રકાશની ખોજનું ચિત્રણ કરે છે

સંસ્કૃતિઓમાં, પરંપરાઓમાં અને યુગાંતરોમાં સર્વત્ર

આ જ આકર્ષણ જળવાઈ રહ્યું છે —

*પ્રકાશ, પ્રકાશ,*

એક લાંબી, કાળી રાત્રિ પછી અરુણોદયનું વચન,

નીલી આભા લઈને ઘેરા-રાખોડી આકાશમાં

પ્રકાશ ફેલાવતા સૂર્યનું પ્રસ્ફુટન

સાચું કહીએ તો દીપાવલીનો ઉત્સવ મનાવવાની ઉત્સુકતા

સમયની સાથે બહુ ઝડપથી વધતી જાય છે

વિચારોનું પૂર આવે છે,

આવિષ્કારશીલ, આનંદપૂર્ણ વિચાર,

દીપાવલીના હર્ષ અને ઉલ્લાસમાં, તેના જોશમાં

બધાંનું સ્વાગત કરવાનો પ્રબળ આવેગ

જેની તુલના માત્ર લલકનો અંતરાગ્નિ જ કરી શકે છે

આ એ સમય છે

જ્યારે લોકો આતુર હોય છે પોતાને વધારે સારા બનાવવા માટે,

ભૂતકાળનાં દુ:ખોને ભૂલીને એક નવી શરૂઆત કરવા માટે,

એવું જીવન જીવવા માટે

જે સચ્ચિદાનંદના —

સત્,

ચિત્,

આનંદના

પ્રબુદ્ધ જ્ઞાનથી ચમકે છે

મહત્ત્વ પ્રકાશ-તત્ત્વનું છે

પ્રકાશ દીપાવલીના પર્વનું કેન્દ્રબિંદુ છે

પ્રકાશમાં એવું કંઈક છે જે ખૂબ જ સંમોહક છે —

તે ફક્ત અગ્નિનું આવાહન નથી કરતો,

કે નથી તેને હંમેશાં આગ્નેય શબ્દો દ્વારા પરિભાષિત કરવામાં આવતો

અગણિત ઉપમાઓ અને સાદૃશ્યોમાં,

પ્રકાશનું વર્ણન કરવા માટે જળતત્ત્વનો પ્રયોગ કરવામાં આવે છે :

પર્વત પ્રકાશમાં *નહાયેલો* છે

પરિદૃશ્ય પ્રકાશથી *ભીંજાયેલું* છે

સવારનું આકાશ પ્રકાશથી *ભરેલું* છે

ધ્યાનનું સ્થાન પ્રકાશમાં *તરબોળ* છે

વનના માર્ગ પર પ્રકાશનું *પૂર* આવ્યું છે

વરસાદનાં ટીપાં પ્રકાશમાં *ઝળહળે* છે

પ્રકાશનાં *તરંગો* ઊઠે છે

પ્રકાશ ગગનમંડળમાંથી *વરસે* છે

પ્રકાશ તમારા અસ્તિત્વમાં *વહે* છે

સિદ્ધયોગના અભ્યાસો આપણાં પર સુરીલા પ્રકાશની વર્ષા કરે છે

પ્રકાશની સરિતા આ બ્રહ્માંડના દરેક કોષમાં પ્રવાહિત થાય છે

મહત્ત્વ પ્રકાશ-તત્ત્વનું છે

પ્રકાશ દીપાવલીના પર્વનું કેન્દ્રબિંદુ છે

જ્યારે તમે દીપાવલીના ઉપલક્ષમાં દીવા પ્રગટાવો

ત્યારે આ માનસચિત્રણ કરવાનું યાદ રાખજો કે

તમારા હૃદયની ઉષ્મા કેવી રીતે બધી દિશાઓમાં

સારપ ફેલાવી રહી છે

જ્યારે તમે પોત-પોતાની ઇચ્છિત રીતે

કોઈને મંગલકામના આપતી વખતે કહો, "શુભ દીપાવલી"

તો એ જાણી લો કે તમારું સદયતાભર્યું મધુર સ્મિત

તેમને પ્રફુલ્લિત કરશે

જ્યારે તમે નિરાશાને અને

એવી દરેક વસ્તુને છોડવા માટે કૃતસંકલ્પ થાઓ છો

જે તમારા પોતાના પ્રકાશને ઓળખવાથી તમને રોકે છે,

તો તમે અનુભવ કરશો કે તમારો આત્મવિશ્વાસ

સહજ રીતે પોતાનું પુનઃનિર્માણ કરી રહ્યો છે

મહત્ત્વ પ્રકાશ-તત્ત્વનું છે

પ્રકાશ દીપાવલીના પર્વનું કેન્દ્રબિંદુ છે

તમારા જીવનમાં જે ઘટિત થયું છે અને જે નથી થયું

તે બધાંની વચ્ચે શાંતતાનો અનુભવ કરો

તમે હંમેશાં સૌહાર્દના પ્રકાશથી ઘેરાયેલા રહો

તમે હંમેશાં તમારા પોતાના અંતર-પ્રકાશની શક્તિ દ્વારા સુરક્ષિત રહો

તમે હંમેશાં એ લોકોની પ્રશંસા પ્રાપ્ત કરો

જેઓ તમારી સંગતિમાં હર્ષિત થાય છે

સુસ્પષ્ટતાનો પ્રકાશ તમારા જીવનમાં પ્રખરતાથી ચમકે

અચૂકતાનો, સચોટતાનો પ્રકાશ તમારી યાત્રામાં

એવી જ રીતે તમારું માર્ગદર્શન કરે જેવી રીતે

વૃક્ષોની વચ્ચેથી ઝળહળતાં સૂર્યનાં મૃદુલ કિરણો

પરમાત્માના તારક પ્રકાશ દ્વારા

તમે પ્રત્યેક દિવસ અને પ્રત્યેક રાત્રિ સ્વયંને ધન્ય મહસૂસ કરો

મહત્ત્વ પ્રકાશ-તત્ત્વનું છે

પ્રકાશ દીપાવલીના પર્વનું કેન્દ્રબિંદુ છે

સપ્રેમ,

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.